# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 25-07-2026 Day: Saturday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## કચ્છમાં વરસાદ

**રાજ્ય પર સર્જાયેલી ચાર જેટલી સક્રિય વરસાદી સિસ્ટમના પ્રભાવથી કચ્છમાં ગઇકાલથી સાર્વત્રીક વરસાદ શરૂ થયો છે. આજે પણ જિલ્લાના કેટલાક તાલુકાઓમાં હળવા ઝાપટાંથી લઈને મધ્યમ વરસાદ નોંધાયો છે.**

**જિલ્લા કન્ટ્રોલરૂમમાંથી મળેલા આંકડા અનુસાર આજે સવારે છ વાગ્યાથી સાંજે 6 વાગ્યા સુધીમાં ભુજ તાલુકામાં સૌથી વધુ ૮ મી.મી. વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત લખપત, મુંદ્રા અને ગાંધીધામમાં ૨-૨ મી.મી. તેમજ અંજારમાં ૧ મી.મી. વરસાદ પડ્યો છે. બીજી તરફ, રાપર, ભચાઉ, નખત્રાણા, અબડાસા અને માંડવી તાલુકામાં વરસાદ નોંધાયો નથી.**

**ચાલુ મોસમની વાત કરીએ તો, કચ્છ જિલ્લામાં અત્યાર સુધી મોસમનો કુલ વરસાદ ૯૪૪ મી.મી. એટલે કે ૩૭.૧૭ ઇંચ જેટલો નોંધાયો છે. તાલુકાવાર આંકડાઓ પર નજર કરીએ સૌથી વધુ રાપર તાલામાં ૨૮૨ મી.મી. વરસાદ નોંધાયો છે. ત્યાર પછી ભચાઉમાં ૧૫૨ મી.મી. ગાંધીધામમાં ૮૮, નખત્રાણામાં ૮૦, ભુજમાં ૭૬, માંડવીમાં ૬૮, અંજાર અને મુંદ્રામાં ૫૬, લખપતમાં ૫૪ મી.મી. વરસાદ નોંધાયો છે. જિલ્લામાં અત્યાર સુધી સૌથી ઓછો વરસાદ અબડાસા તાલુકામાં 32 મીલીમીટર નોંધાયો છે.**

**હવામાન વિભાગના રિપોર્ટ અનુસાર આજના દિવસે કચ્છમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવે છે.**

**આ સમયગાળા દરમિયાન જિલ્લાના છૂટાછવાયા વિસ્તારોમાં વીજળીના કડાકા-ભડાકા સાથે 30 થી 40 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે તોફાની પવન ફૂંકાઈ શકે છે.**

ત્યારબાદ **26** અને **27** જુલાઈના બે દિવસો દરમિયાન પણ કચ્છના ઘણા સ્થળોએ હળવોથી મધ્યમ વરસાદ અને ગાજવીજ થવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે. જોકે, **28** જુલાઈથી વરસાદની તીવ્રતામાં મોટો ઘટાડો નોંધાશે..

---

## ભારે વરસાદના પગલે વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓ

ભુજ જિલ્લા સેવા સદન ખાતે કલેક્ટર અનિલ રાણાવસિયાની અધ્યક્ષતામાં ભારે વરસાદની આગાહીને પગલે વહીવટીતંત્રની તૈયારીઓ અંગે સમીક્ષા બેઠક યોજાઈ હતી. કલેક્ટરે વીડિયો કોન્ફરન્સ દ્વારા તમામ પ્રાંત અધિકારીઓ અને તમામ મામલતદારો સાથે ચર્ચા કરી સરહદી સહિત તમામ તાલુકાઓમાં અતિ ભારે વરસાદની સંભાવનાને ધ્યાને રાખી આગોતરા આયોજનના નિર્દેશ આપ્યા હતા. બેઠકમાં ડિ-વોટરિંગ, ટ્રી ટ્રીમિંગ, પ્રવાસી સ્થળો બંધ રાખવા, એનડીઆરએફ-એસડીઆરએફની ટીમ તૈનાત કરવા, સ્થળાંતર અને રોડ રિસ્ટોરેશનની કામગીરી યુદ્ધના ધોરણે કરવા સૂચના અપાઈ હતી. વહીવટીતંત્રએ નાગરિકોને જોખમી રસ્તાઓ કે વરસાદી પાણીમાં ન ઉતરવા અને માર્ગદર્શિકાનું પાલન કરવા ખાસ અપીલ કરી છે. આ અંગે જિલ્લા કલેકટર અનિલ રાણાવસીયાએ આ મુજબ જણાવ્યું.

**(બાઇટ : જિલ્લા કલેકટર).**

---

## જિલ્લા કંટ્રોલ રૂમ શરૂ

કચ્છ જિલ્લામાં સતત ભારે વરસાદને કારણે નાગરિકોને મુશ્કેલી ન પડે તે માટે કલેક્ટર અનિલ રાણાવસીયાના માર્ગદર્શન હેઠળ જિલ્લા કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યો છે. રાહત-બચાવ કામગીરી, વીજ પુરવઠો, રસ્તા અને ડેમના જળસ્તર પર નજર રાખવા આ કંટ્રોલ રૂમ ૨૪ કલાક કાર્યરત છે.

નાગરિકો કોઈપણ મદદ માટે હેલ્પલાઇન નંબર ૧૦૭૭ અથવા ૦૨૮૩૨-૨૫૦૯૨૩ / ૨૫૨૩૪૭ પર સંપર્ક કરી શકે છે. આ ઉપરાંત તાલુકા કક્ષાએ પણ કંટ્રોલ રૂમ શરૂ કરાયા છે, જ્યાંથી

મળેલી ફરિયાદોનું ત્વરિત નિવારણ લાવવા માટે પ્રાંત અધિકારીઓ અને મામલતદારોને સૂચના આપવામાં આવી છે.

-----------------------------------------------------------------------------------

## પશ્ચિમ કચ્છ પોલીસ દ્વારા અપીલ

ભારે વરસાદની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પશ્ચિમ કચ્છ જિલ્લા પોલીસે જાહેર જનતાને સાવચેત રહેવા અપીલ કરી છે. વરસાદ દરમિયાન કોઈ પણ ઇમરજન્સી કે મદદ માટે નાગરિકોને ઇમરજન્સી નંબર ૧૧૨, પોલીસ કંટ્રોલ રૂમ નંબર ૦૨૮૩૨ ૨૫૦૯૬૦ અથવા પોલીસ હેલ્પલાઇન નંબર ૬૩૫૯૬ ૨૯૧૦૪ પર તાત્કાલિક સંપર્ક કરવા જણાવાયું છે.

-----------------------------------------------------------------------------------

## વહીવટી તંત્ર દ્વારા જનતાને અપીલ

ગુજરાતમાં ભારે વરસાદ અને અતિવૃષ્ટિની સ્થિતિને પગલે વહીવટી તંત્ર દ્વારા નાગરિકો માટે મહત્વની અપીલ કરવામાં આવી છે. તંત્રએ જનતાને અફવાઓથી દૂર રહેવા અને માત્ર અધિકૃત સમાચાર માધ્યમો પર જ વિશ્વાસ રાખવા જણાવ્યું છે. કોઈપણ મેસેજની ખરાઈ કર્યા વગર ફોરવર્ડ ન કરવા સૂચના આપી છે. ભારે વરસાદ દરમિયાન બિનજરૂરી બહાર નીકળવાનું ટાળવું તેમજ પાણી ભરાયેલા રસ્તાઓ પરથી પસાર ન થવું. કોઈપણ આપાતકાલીન પરિસ્થિતિમાં ત્વરિત સહાય માટે તાત્કાલિક કંટ્રોલ રૂમનો સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

-----------------------------------------------------------------------------------